# વડાલી કોલેજ ખાતે રાષ્ટ્રીય સેમિનાર યોજાયો



ગુજરાત વિકાસ ન્યૂઝ, વડાલી : ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હી અને શેઠશ્રી બી. સી. શાહ આર્ટસ કોલેજ, વડાલીના ગુજરાતી વિભાગના ઉપક્રમે તા. ૯ સપ્ટેમ્બરના રોજ ' ગુજરાતનું આદિવાસી સાહિત્ય' એ વિષય ઉપર રાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો, જેમાં શ્રી વડાલી કેળવણી મંડળ, વડાલીના પ્રમુખ તખતસિંહ હડિયોલ અને મંત્રીશ્રી અમૃત દેસાઈ તથા સાહિત્ય અકાદમીના પ્રભારી ઓમ પ્રકાશ નાગરના સાનિધ્યમાં ગુજરાતના સુપ્રસિદ્ધ સંશોધક અને સંપાદકશ્રી ભગવાનદાસ પટેલ, ડો. પ્રેમજી પટેલ, ડો. યશોધર રાવલ, ડો. દીપક પટેલ, ડો. અજયસિંહ ચૌહાણ અને ડો. હિરેન્દ્ર પંડ્યાએ આદિવાસી સાહિત્ય ઉપર વ્યાખ્યાનો આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સાહિત્ય પ્રવૃત્તિન આ સેમિનારમાં મુંબઈ, કચ્છ, વડોદરા, સૌરાષ્ટ્ર અને પંચમહાલ એમ જુદા જુદા વિસ્તારમાંથી શોધછાત્રો અને પ્રાધ્યાપકોએ હાજરી આપી સેમિનારને સફળ બનાવ્યો હતો. તજજ્ઞ વક્તાઓ અને કેળવણી મંડળના પ્રમુખ - મંત્રીએ ગુજરાતી વિભાગ દ્વારા થતી સાહિત્ય પ્રવૃત્તિને બિરદાવી હતી. અને કોલેજ પ્રિન્સિપાલ ડો. એન. આર. પટેલે સૌ મહેમાનોને ભાવપૂર્ણ આવકાર આપ્યો હતો. સમગ્ર આયોજન ડો. પ્રભુદાસ પટેલ અને ગુજરાતી વિભાગે કર્યું હતું.